



# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. એપ્રિલ ૩૦, ૨૦૨૧ • ચૈત્ર વદ ૪, સંવત ૨૦૭૭


Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Vijay Rupani**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Nitin Patel**
Hon'ble Deputy Chief Minister, Gujarat State



**Shri Pradipsinh Jadeja**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI), Govt. of Gujarat



**Shri V. K. Jadav**
Director
GSNRGF


**Contact Address**

Gujarat State Non-Resident Gujaratis' Foundation
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY


## નાગરિકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે અને સરકારે લાદેલા નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરે : મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની જનતાને નિવેદન કરતા કહ્યું છે કે, નાગરિકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે અને સરકારે લાદેલા નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરે. હવે આપણી પાસે કોરોના સામે વેક્સિનનું અમોઘ શસ્ત્ર છે ત્યારે લોકો ઝડપથી વેક્સિન મેળવે. મુખ્યમંત્રીશ્રીએ ફેસબુકના માધ્યમથી સંબોધન કરતાં કહ્યું કે, સરકારે ૨૦ શહેરોનો કોરોના કર્ફ્યુ અન્ય ૯ શહેરોમાં પણ લાદ્યો છે. આમ કુલ ૨૯ શહેરોમાં રાત્રે ૮થી ૬ બધું બંધ રહેશે. આ સાથે આ ૨૯ શહેરોમાં દિવસના ૬ થી ૮ દરમિયાન પણ અમુક નિયંત્રણો લાદવામાં આવ્યા છે જેમાં ઓપન માર્કેટ, મોલ, દુકાન, કોમ્પલેક્ષ, હોલ, ઓડિટોરિયમ, જીમ, વોટરપાર્ક, બગીચા અને બ્યુટી પાર્લર બંધ કર્યા છે. રાજ્ય સરકારે દૂધ, શાકભાજી, કરિયાણાની દુકાન અને મેડિકલ સ્ટોર જેવી આવશ્યક સેવાઓ, ઉદ્યોગો અને કન્સ્ટ્રક્શન સાઇટ ચાલુ રાખવાની મંજુરી આપી છે. ઉપરાંત ઓફિસમાં ૫૦ ટકા સ્ટાફ સાથે કામ કરવાની છૂટ આપી છે જેથી રોજ કમાઇ રોજ ખાનારને તકલીફ ન થાય. સરકારે આ નિયંત્રણો રાજ્યના શહેરો - નાના નગરોમાં ભીડ ઘટાડવા અને સંક્રમણની ચેઇન તોડવા માટે લગાવ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે હવે ગુજરાતનાં ગામડાઓમાં પણ સંક્રમણનું પ્રમાણ વધ્યું છે ત્યારે ગામના વડીલો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચ અને જવાબદાર આગેવાનો સાથે મળી સ્વૈચ્છીક નિયંત્રણો લાદવાની સાથે આવશ્યક પગલાં લે તે જરૂરી છે. આખા ગામનું ટેસ્ટિંગ થાય, સંક્રમીત દર્દીને અલગ-આઇસોલેટ કરી કોરોના ચેઇન તોડવામાં આવે તે જરૂરી છે. સૌએ સાથે મળી સરકારે મુકેલા નિયંત્રણો પ્રમાણે વ્યવસ્થાઓ બનાવવાની છે તેમ તેમણે ઉમેર્યું હતું. (Source : https://cmogujarat.gov.in)

## અમદાવાદ ખાતે ૯૫૦ બેડની ધન્વંતરિ કોવિડ હોસ્પિટલ શરૂ



કોરોનાની સારવાર માટે અમદાવાદ ખાતે જીએમડીસી કન્વેન્શન હોલમાં ડીઆરડીઓ દ્વારા બનાવાયેલી ૯૫૦ બેડની સુવિધા સાથેની ધન્વંતરિ કોવિડ હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. આ હોસ્પિટલમાં ૨૫૦ આઈસીયુ બેડ પણ છે. હોસ્પિટલમાં સીટી સ્કેન ઉપરાંત તમામ પ્રકારના ટેસ્ટ થશે. ૨૦૦થી વધુ મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ ફરજ બજાવશે. હોસ્પિટલમાં ૮ એમ્બ્યુલન્સ, ૨ મોબાઇલ લેબોરેટરી વાનની સુવિધા પણ મળશે, જેમાં ટેસ્ટ કરાવી શકાશે. તદુપરાંત ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગરમાં હેલીપેડ પાસે ૧૨૦૦ બેડની હોસ્પિટલ ચાલુ કરવાની જાહેરાત કરી હતી. આ બે હોસ્પિટલ થકી ૨૧૦૦ દર્દીઓને સારવાર આપવાનો રસ્તો ખુલ્લો થશે. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ડી.કે. હોલમાં ૧૬૦ બેડની હોસ્પિટલ ચાલુ કરવામાં આવી રહી હોવાનું નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલે જણાવ્યું હતું. (Source : www.gujaratsamachar.com)




વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## લોર્ડ રેમી રેન્જરની SPMS UKના ચેરમેનપદે નિમણૂક



સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી યુકે (SPMS UK)ની ૧૧મી એપ્રિલે મળેલી વાર્ષિક સાધારણ સભામાં લોર્ડ રેમી રેન્જરની ચેરમેનપદે નિમણૂક કરાઈ હતી. સરદાર પટેલ મેમોરિયલ સોસાયટી યુકેનો ઉદ્દેશ મહાન નેતા સરદાર પટેલના જીવન અને કાર્યો વિશે માત્ર બાળકોમાં જ નહીં પરંતુ, કોમ્યુનિટીઝમાં જાગૃતિ ફેલાવવાનો છે. નવી કારોબારીમાં લોર્ડ રેમી રેન્જર (ચેરમેન), પ્રવિણભાઈ જી પટેલ (વાઈસ ચેરમેન), ક્રિશ્ના પૂજારા (સેક્રેટરી જનરલ), દીપકભાઈ પટેલ (ટ્રેઝરર) તથા ટ્રસ્ટીઓ તરીકે સી. બી. પટેલ, જીતુભાઈ પટેલ અને સુમંતરાય દેસાઈનો તેમજ કમિટી મેમ્બર્સ તરીકે જી. પી. દેસાઈ અને જયંતભાઈ પટેલ તથા માનદ ચીફ એક્ઝિક્યુટિવ તરીકે કાંતિભાઈ નાગડા (MBE)નો સમાવેશ થાય છે.

(Sources : www.gujarat-samachar.com)

## લોંગેસ્ટ હેરનો વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર નિલાંશીએ ૧૨ વર્ષ બાદ મ્યુઝિયમમાં મૂકવા હેર કટ કરાવ્યું



આઇઆઈટી ગાંધીનગરમાં બીટેક ઇન કેમિકલ એન્જિનિયરીંગમાં સ્ટડી કરતી ૧૮ વર્ષની નિલાંશી પટેલે ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં એટલે સતત ત્રણ વાર પોતાના નામે 'લોંગેસ્ટ હેર'નો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે. ૨૦૨૦માં જ્યારે નિલાંશીના નામે આ રેકોર્ડ નોંધાયો ત્યારે તેના વાળની લંબાઈ ૨૦૦ સે.મી. હતી. તાજેતરમાં જ નિલાંશીએ ૧૨ વર્ષ બાદ પોતાના લાંબા કાળાને કપાવ્યાં હતાં. અમેરિકામાં ગિનિસ બુક ઓફ રેકોર્ડ ધરાવતા લોકોનું હોલિવૂડ મ્યુઝિયમ આવેલું છે. હેર કટ બાદ નિલાંશીના વાળ જોઈને લોકોને પ્રેરણા મળે તે માટે આ મ્યુઝિયમમાં વાળ ડિસ્પ્લેમાં મુકાશે. સતત ત્રણ વાર ગિનિસ રેકોર્ડ પોતાના નામે નોંધાવાની સિદ્ધિ મેળવવા બદલ ગિનિસ બુક રેકોર્ડ દ્વારા નિલાંશીને 'લોંગેસ્ટ હેર ઇન એવર'થી સન્માનિત કરી છે. (Source : www.gujarat-samachar.com)

## અમેરિકામાં 'ઓનલાઇન' સીમંત



કોરોનાને કારણે લાગુ કરાયેલા નિયમોએ આજે ઘણા સામાજિક પ્રસંગોમાં અંતર લાવી દીધું છે. આવો જ એક પ્રસંગ ડાકોરમાં બની ગયો. ડાકોરના પંડ્યા પરિવારની દીકરીના લગ્ન અમેરિકામાં કર્યા હતાં. દીકરી હાલ અમેરિકામાં છે અને તેના માતા-પિતા ડાકોરમાં છે જ્યારે જમાઈના માતા-પિતા અમેરિકામાં જ છે પરંતુ તેઓ તેમનાથી અલગ રહે છે. દરમિયાન જ દીકરીનો સીમંત પ્રસંગ આવ્યો. જેમાં ડાકોરથી માતા-પિતા કે અમેરિકામાં જ વસતાં સાસુ-સસરા પણ આવી શકે તેમ ન હતું. પરિણામે સમગ્ર વિધી ઓનલાઇન કરી અને તેમાં ડાકોરના પંડિતે મંત્રોચ્ચાર કર્યા અને અમેરિકામાં ઉત્સાહભેર વિધી સંપન્ન થઇ. (Source : www.divyabhaskar.co.in)

## કેનેડામાં ગુજરાતી અખબારનો આરંભ




કેનેડા ખાતે બીજી એપ્રિલ ૨૦૨૧થી ગુજરાતી અખબાર 'પ્રેરણા'નો નવ સ્થળોએ પ્રારંભ થયો જે મોટે ભાગે દક્ષિણ-પશ્ચિમ ઓન્ટારિયોમાં વિન્ડસર-એસેક્સમાં અઠવાડીયામાં બે વાર પ્રકાશિત થશે. 'પ્રેરણા'ના સંપાદક અને પ્રકાશક આશિષ પટેલે જણાવ્યું હતું કે તેઓને ૨૦૧૮માં ભારતમાં માતાના અવસાન પછી ગુજરાતી ભાષાના અખબારની શરૂઆત કરવા પ્રેરણા મળી હતી. તેમણે ઉમેર્યું હતું કે અમારા આ પ્રોજેક્ટ ગુજરાતી અખબારનો આખો વિચાર એ છે કે અમારા સમાજમાં અમારી સાથે રહેતા સિનિયરોની સેવા કરવી અને તેમને ઘરે પાછા જવાને બદલે એસેક્સ કાઉન્ટીમાં રહેવાનું કારણ આપવું. આ અખબાર વૃદ્ધ ગુજરાતી-ભાષી લોકોને તેમના પૌત્રોને તેમની માતૃભાષામાં કેવી રીતે વાંચવું અને લખવું તે શીખવવામાં મદદ કરશે. (Source : www.cbc.ca)

## ગુજરાતી વેલ્ફેર સોસાયટી પોતાની સંસ્કૃતિ સાથે લોકોને જોડે છે



એક રાજ્યમાં જન્મ અને શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આજીવિકા માટે બીજી જગ્યાએ જઈને પોતાની મૂલ્યવાન સંસ્કૃતિ, ભાષા અને સભ્યતા જાળવવી દરેક માટે શક્ય નથી. આ સંસ્કૃતિ જ તેમને જમીન સાથે જોડે છે. ભારત તેની આવી જ લાક્ષણિકતાઓ માટે જાણીતું છે. પંજાબના બઠીડા જિલ્લામાં ગુજરાતી પરિવારો દ્વારા આવા જ અવિરત પ્રયાસો કરવામાં આવ્યા છે. બઠીડામાં ક્યારેક રોજીની શોધમાં આવેલા પરિવારોએ બઠીડામાં ઘણું મેળવ્યું છે. સમાજે ગુજરાતની પરંપરા સાથે પંજાબની સંસ્કૃતિને અપનાવવાનું કામ કર્યું છે. આજે તેમના બાળકો પંજાબી બોલે છે, પણ પોતાની સંસ્કૃતિને સાચવી રાખી છે. ૨૦ વર્ષ પહેલા ગુજરાતી વેલ્ફેર સોસાયટી નામની એક સંસ્થાની રચના થઈ હતી. આ સંસ્થાએ ઘણા ઉતાર-ચઢાવ જોયા પરંતુ તેની સંસ્કૃતિ માટે શહેરમાં એક નવી ઓળખ ઊભી કરી. વર્ષ ૨૦૦૦માં ગુજરાતી વેલ્ફેર સોસાયટીની રચના કરવામાં આવી તે સમયે ગુજરાત સાથે સંકળાયેલા સેંકડો પરિવારો શહેરમાં હતા પરંતુ તેઓ ક્યાં રહે છે અને શું કરે છે તે વિશે માહિતીનો અભાવ હતો. ચીમનલાલ પટેલ અને નીતિન પઠાણીએ સંગઠનને જીવંત બનાવવા માટે સભ્યો તરીકે કામ કર્યું. સમાજના લોકોને સંગઠિત કર્યા અને તેમની સંસ્કૃતિ દ્વારા જોડ્યા. દર વર્ષે એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવતો હતો, જેને કારણે ગુજરાતી પરિવારના લોકો મોટી સંખ્યામાં સામેલ થતાં ગયા. હવે નવરાત્રી દરમિયાન દર વર્ષે ગુજરાતી વેલ્ફેર સોસાયટી દ્વારા દાંડિયા ડાન્સનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત સમાજ દ્વારા લોકો માટે નિઃશુલ્ક આયુર્વેદિક શિબિરો યોજવામાં આવે છે જેમાં લોકોને આયુર્વેદિક રીતે વિવિધ રોગોની સારવાર વિશે માહિતગાર કરાય છે. (Source : www.jagran.com)



## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહવાન

અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**


જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા, કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહવાન છે.

## ગુજરાત કાર્ડ: ઓનલાઈન મેળવો




બિન-નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.





## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતીભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

# અનઅધિકૃત એજન્ટોથી ચેતો અને ભારત સરકાર દ્વારા માન્ય રીક્રુટીંગ એજન્ટ થકી જ વિદેશમાં રોજગારી અર્થે જવાની પ્રક્રિયા કરો

- ઇમીગ્રેશન એક્ટ ૧૯૮૩ હેઠળ ભારત સરકાર દ્વારા વિદેશમાં રોજગારી અર્થે નાગરિકોને મોકલવા માટે ભરતી કરનાર એજન્ટો (રીક્રુટીંગ એજન્ટો) અધિકૃત કરી તેના નિયમો બનાવવામાં આવેલ છે.
- પરદેશમાં અને તેમાં પણ ખાસ કરીને ગલ્ફ દેશોમાં કુશળ, અર્ધકુશળ અને અકુશળ કારીગરોની માંગણી રહે છે. દર વર્ષે સાતથી આઠ લાખ ભારતીય કારીગરો વિદેશમાં જાય છે. પરંતુ તેઓની સુરક્ષા અંગે કોઇ ખાતરી નથી. કારણ કે, કારીગરો બે પ્રકારના એજન્ટો દ્વારા આ દેશોમાં જાય છે. (૧) ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents અને (૨) ગેરકાયદેસર Recruiting Agents.
- ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે ગયેલ કારીગરોને કોઇ પ્રશ્નો ઊભા થાય તો ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા સંપૂર્ણ મદદ થાય છે. પરંતુ ગેરકાયદેસર Recruiting Agents મારફતે ગયેલ કારીગરોના પ્રશ્નો હલ કરવા ઘણા મુશ્કેલ બની જાય છે. કારણ કે તેઓને Recruiting Agents દ્વારા ઘણી છેતરામણી, લોભામણી વાતો કરી લઇ જવામાં આવે છે અને ત્યાં વાસ્તવિકતા અલગ જ હોય છે.
- ભારત સરકાર દ્વારા કારીગરોની નોકરી અંગે જે કાયદેસરના Recruiting Agents નીમાયેલ છે. તેમાં ગુજરાતમાં ૯ રજીસ્ટર્ડ Recruiting Agents કાર્યરત છે. આ બાબતની જાગૃત્તિ લાવવા માટે ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાને વર્તમાન પત્રોમાં અંગ્રેજી અને ગુજરાતીમાં રજીસ્ટર્ડ Recruiting Agents મારફતે જ પરદેશ નોકરીની કાર્યવાહી હાથ ધરવા જાહેરાત આપેલ છે અને રજીસ્ટર્ડ Recruiting Agents ની યાદી તથા વધુ વિગતો માટે ભારત સરકારની વેબસાઇટ www.emigrate.gov.in ની મુલાકાત લેવી.

**વિદેશમાં રોજગારી અર્થે કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ભરતી કરનાર એજન્ટ (રીક્રુટીંગ એજન્ટ) થકી જાવ અને છેતરીપીંડીથી બચો.**

# ડાયસ્પોરા બાળકો માટે સ્કૉલરશીપ કાર્યક્રમો

## SCHOLARSHIP PROGRAMMES FOR DIASPORA CHILDREN




### હેતુ

ભારત સરકાર દ્વારા ઓવરસીઝ ભારતીયોના બાળકોને ભારતમાં જ ઉચ્ચ શિક્ષણ સુલભ કરાવવા માટે તથા ભારતને ઉચ્ચ શિક્ષણ આપતાં કેન્દ્ર તરીકે પ્રમોટ કરવાના હેતુસર આ યોજના શરૂ કરવામાં આવી છે.

### યોજનાનો લાભ કોને મળે છે ?

આ યોજનાનો લાભ ૧૦૦ જેટલા PIO/NRIઓને Undergraduate મેડીકલ અને તેને સંબંધિત અભ્યાસક્રમો સિવાયના અભ્યાસક્રમો જેવા કે એન્જીનીયરીંગ, ટેક્નોલોજી, માનવ-વિદ્યાઓ, કોર્મસ, આર્ટસ, મેનેજમેન્ટ, જર્નાલિઝમ, હોટેલ મેનેજમેન્ટ, ખેતી, પશુ પાલન વગેરે માટે વાર્ષિક ૪૦૦૦ US$ સુધીની સ્કોલરશીપ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ ભારતીય ડાયસ્પોરાની પૂરતી વસતી હોય તેવા ૪૦ જેટલા દેશોના PIO/NRIઓ માટે છે.

### યોજનાના અમલીકરણ માટે જવાબદાર એજન્સી ?


ભારતીય મિશન

**આ યોજનાની વધુ માહિતી મેળવવા માટે લોગ ઓન કરો : http://mea.gov.in/spdc.htm**



# મહાગુજરાત આંદોલન અને ગુજરાતની સ્થાપના

૧લી મે એટલે ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ. વર્તમાન સમયની પેઢીને ભાગ્યે જ ગુજરાતની સ્થાપનાનો ઇતિહાસ યાદ હશે. આઝાદી પૂર્વે આજનું ગુજરાત ત્રણ અલગ પ્રદેશથી ઓળખાતું હતું – કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાત. ૧૯૪૭માં દેશની આઝાદી પહેલાં જ રજવાડાંઓના વિલીનીકરણની પ્રક્રિયા ચાલતી હતી. તે સમયે કઠિયાવાડ (સૌરાષ્ટ્ર)માં ૨૨૨ રજવાડાં હતા. તેમાં મુખ્યત્વે જામનગર, રાજકોટ, ભાવનગર અને ધ્રાંગધ્રા સ્ટેટ હતા. જુનાગઢમાં નવાબ અને માંગરોળમાં શેખ હતા. સૌરાષ્ટ્રના રજવાડાંઓ એક પછી એક કેન્દ્રને તાજ સોંપવા લાગ્યા હતા. સ્વરાજ્યની ઘડી આવે તે પહેલાં જ સૌરાષ્ટ્રમાં સળવળાટ શરૂ થયો. જામનગરના જામસાહેબે જામજૂથ યોજના તૈયાર કરી તો અન્ય રાજવીઓએ ૫૦ રાજ્યોનું ફેડરેશન રચવાનો વિચાર રજૂ કર્યો. તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ ભાવનગરના લાલ બંગલામાં કાઠીયાવાડનું સંયુક્ત રાજ્ય રચાયું. જામનગરના જામસાહેબ દિગ્વિજયસિંહ પ્રથમ રાજપ્રમુખ બન્યા અને ભાવનગરના મહારાજા ઉપપ્રમુખ બન્યા. મુખ્યમંત્રી તરીકે ઉચ્છરંગરાય ઢેબર નિમાયા અને પ્રધાનમંડળની રચના થઈ. સરદાર વલ્લભભાઈ પટેલે સૌરાષ્ટ્રનું ઉદ્ઘાટન કર્યું હતું.



ઈ.સ. ૧૯૫૧માં મુંબઈ રાજ્ય

બ્રિટિશ શાસન દરમિયાન ભારતનો પશ્ચિમ તટનો મોટો ભાગ બોમ્બે પ્રેસિડેન્સીનો ભાગ હતો. ૧૯૩૭માં બોમ્બે પ્રેસિડેન્સી બ્રિટિશ ભારતના ભાગ તરીકે ઉમેરવામાં આવ્યું. ગુજરાતમાં સૌથી મોટું વડોદરા રાજ્ય હતું. આઝાદી મળી તે પહેલાં જ સૌરાષ્ટ્ર-કચ્છ સિવાયનું ગુજરાત આ બોમ્બે પ્રેસિડેન્સી અથવા મુંબઈ રાજ્યનો ભાગ બની ચૂક્યા હતા. જોકે સૌરાષ્ટ્ર રાજ્યમાં અમરેલી જિલ્લો ગાયકવાડી શાસનમાં હોઇ મુંબઈ રાજ્યમાં હતા. આમ સૌરાષ્ટ્ર-કચ્છ સિવાયનું ગુજરાત અને હાલના મહારાષ્ટ્ર મળીને મુંબઈ રાજ્ય બનેલું હતું.

૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા પછી ભાષાવાર રાજ્યોની માંગણી સામે આવી. ૧૭ જુન ૧૯૪૮ના દિવસે, રાજેન્દ્ર પ્રસાદે રાજ્યોની પુનઃરચના ભાષા પ્રમાણે કરવી જોઇએ કે નહી તે નક્કી કરવા માટેની સમિતિ રચી. આ સમિતિમાં એસ.કે. દાર (અલ્હાબાદ હાઇ કોર્ટના નિવૃત ન્યાયાધીશ), જે.એન. લાલ (વકીલ) અને પન્ના લાલ (નિવૃત ભારતીય સનદી અધિકારી) હતા, એટલે તેને દાર કમિશન કહેવાયું. તેના ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ના અહેવાલમાં સમિતિએ સૂચન આપ્યું કે ''ભાષાવાર રાજ્યોની પુનઃરચના ભારત દેશના હિતમાં નથી''

કેન્દ્ર સરકારે ૧૯૫૩માં જસ્ટિસ ફઝલઅલીના અધ્યક્ષપદે રાજ્ય પુનઃરચના પંચની રચના કરી જેમાં ભાષા, ભૌગોલિક નજદીકતાને ધ્યાને લેવાની હતી. તા. ૩૦ સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ પંચનો રિપોર્ટ જાહેર થયો. તેમાં અનેક રાજ્યો ભાષાના આધારે રચાયા જેમાં બંગાળ, કર્ણાટક, ઓરિસ્સા વગેરેનો સમાવેશ થયો. પરંતુ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની એક ગુજરાતી ભાષા હોવા છતાં ત્રણે પ્રદેશોને એક ગુજરાત રાજ્યનો દરજ્જો મળ્યો નહીં. આ પંચ સમક્ષ મહાગુજરાત – ગુજરાત રાજ્યની માગણી થઈ હતી પરંતુ મુંબઈને આગળ ધરી પંચે ગુજરાત અને મહારાષ્ટ્રને સાંકળી દ્વિભાષી મુંબઈ રાજ્યનો નિર્ણય લીધો હતો. મહારાષ્ટ્રમાં પણ મરાઠીભાષી વિદર્ભ રાજ્યની માગણી કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર, મુંબઈ અને ગુજરાત એમ ત્રણ રાજ્યો માટે પણ ભલામણ થઈ હતી. પરંતુ પંચ દ્વારા તે માગણી પણ ગ્રાહ્ય રખાઇ ન હતી.

બૃહદ મુંબઈ રાજ્યમાં ગુજરાતી અને મરાઠી બંને ભાષા બોલનાર વિસ્તારોનો સમાવેશ થતો હતો. ગુજરાત અને મુંબઈના આર્થિક હિતો એકબીજા સાથે જોડાયેલા હતા. તે સમયે મોરારજી દેસાઇ ગુજરાત કોંગ્રેસ ઉપર સંપૂર્ણ પકડ ધરાવતા હતા અને તેઓ ગુજરાતને મુંબઈ સાથે રાખવાના આગ્રહી હતા. જેથી ૧૯૫૫માં જે ગુજરાત કોંગ્રેસે મહાગુજરાત માટે ઠરાવ કર્યો હતો એ કોંગ્રેસે દ્વિભાષી મુંબઈ રાજ્યનો સ્વીકાર કરી લીધો.

૬ ઓગસ્ટ, ૧૯૫૬ના દિવસે દ્વિભાષી મુંબઈ રાજ્યની સત્તાવાર ઘોષણા કરાઈ. ૪૩ જિલ્લાવાળું મુંબઈ રાજ્ય અમલમાં આવ્યું. કચ્છ-સૌરાષ્ટ્ર રાજ્યના સચિવાલયો બંધ થયા. મુંબઈ રાજ્યમાં છ ડિવિઝન રચાયા જેમાં મુંબઈ, નાગપુર, પુના, ઔરંગાબાદ, અમદાવાદ અને રાજકોટ. ગુજરાતને અલગ રાજ્યનો દરજ્જો ન મળતાં પ્રજાને આંચકો લાગ્યો. પ્રજાને આ સ્વીકાર્ય ન હતું. ગુજરાતની પ્રજાની લાગણી ગુજરાતનું અલગ રાજ્ય થાય તેવી હતી. આખરે આ લાગણીમાંથી મહાગુજરાત ચળવળની શરૂઆત થઈ.




ઈ.સ. ૧૯૫૬માં રચાયેલું મુંબઈ રાજ્ય

૭ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ કેટલાક વિદ્યાર્થીઓ કોંગ્રેસના મંત્રી ઠાકોરભાઈ દેસાઈને મળ્યા. મળવા ગયેલા વિદ્યાર્થીઓને ઠાકોરભાઈ તરફથી સંતોષકારક જવાબ ન મળતાં હડતાળનું એલાન આપ્યું. અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાંથી જંગી સરઘસ નીકળ્યું અને 'લે કે રહેંગે મહાગુજરાત'નો નારો બુલંદ બન્યો. ૮ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ અમદાવાદમાં ભદ્ર ખાતે કોંગ્રેસ ભવનની બહાર વિદ્યાર્થીઓએ દેખાવો કર્યા. પોલીસે અંધાધૂંધ ગોળીબાર કર્યો અને એમાં પાંચ વિદ્યાર્થીઓનાં મૃત્યુ થયાં. ત્યાર બાદ ગુજરાતમાં અરાજકતા ફેલાઈ અને અમદાવાદના મોટા ભાગના વિસ્તારોમાં દેખાવો અને તોફાનો થયાં. મહિલાઓએ પણ આગળ વધીને આંદોલનમાં ભાગ લીધો હતો અને કેટલીક મહિલાઓએ ધરપકડ વ્હોરી હતી. મહાગુજરાત આંદોલનમાં કુલ ૨૪ યુવાનો શહીદ થયા.

રાજ્ય પુનઃરચના પંચની ભલામણ અંગે વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ કહ્યું હતું, ''પંચનો અહેવાલ જે પ્રસિદ્ધ થયો છે તેની કેટલીક ભલામણોથી મને પણ નારાજગી છે. પરંતુ લોકશાહીમાં કંઇ પણ આખરનું નથી હોતું.'' નહેરુના વિધાન પછી મહાગુજરાતની માંગ બુલંદ થઈ. મહાગુજરાતની માગણીને છેક ૧૯૫૨માં ગુજરાતી સાહિત્ય પરિષદે ઠરાવ દ્વારા ટેકો આપ્યો હતો. મોરારજી દેસાઇએ ડાંગની ભાષા મરાઠી હોવાનું જાહેર કર્યું ત્યારે પણ ગુજરાત સાહિત્ય સભાએ વિરોધ પ્રદર્શીત કર્યો હતો.




પ્રબોધ રાવળ | હરિપ્રસાદ વ્યાસ | હરિહર ખંભોળજા

૯ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ યુવા નેતા પ્રબોધ રાવલ, હરિહર ખંભોળજા અને હરિપ્રસાદ વ્યાસે મહાગુજરાત વિદ્યાર્થી પરિષદની સ્થાપના કરી. ૧૩ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ મહાગુજરાત વિદ્યાર્થી સમિતિએ શહીદ દિન ઉજવ્યો. ત્યાર બાદ રતિલાલ ખુશાલદાસ, બ્રહ્મકુમાર ભટ્ટ, હિંમતલાલ શુક્લ, માર્તંડ શાસ્ત્રી, દાદુભાઈ અમીન, જયંતી દલાલ વગેરેએ મહાગુજરાત જનતા પરિષદની રચના કરી. ગુજરાતના અલગ રાજ્ય માટેની ચળવળ આ પરિષદે ચાલુ રાખી.

૮ ઓગસ્ટ, ૧૯૫૬ના રોજ મહાગુજરાત માટેના દેખાવો દરમિયાન પોલીસ ગોળીબારમાં વિદ્યાર્થીઓ માર્યા ગયા, ત્યારે ઇન્દુલાલ યાજ્ઞિક એ ઘટના વિશે અજાણ હતા. મહેમદાવાદ નજીક નેનપુર ગામે રહેતા ઇન્દુલાલે લખ્યું છે કે 'નેનપુર સ્ટેશને જઇને ગુજરાત સમાચાર વાંચ્યું ત્યારે જ મને અમદાવાદના ભયંકર ગોળીબારની ખબર પડી.' પણ અમદાવાદ પહોંચીને, વિનોદ કિનારીવાલાની ખાંભી આગળ શહીદોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી જાહેર સભામાં તેમણે લોકોને પ્રતિજ્ઞા લેવડાવી કે 'મહાગુજરાત ન સ્થપાય, ત્યાં સુધી આપણે જંપીને બેસીશું નહીં.'

૯ સપ્ટેમ્બર, ૧૯૫૬ના રોજ અમદાવાદના ખાડિયામાં એક સભામાં ઇન્દુલાલ યાજ્ઞિક મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખ નીમાયા. ઇન્દુલાલ યાજ્ઞિકે મહાગુજરાત આંદોલનનું નેતૃત્વ લેતા કાર્યકરોમાં નવી ચેતના જાગી અને આંદોલને ગતિ પકડી.

# મહાગુજરાત આંદોલનના રાહબર ઈન્દુલાલ યાજ્ઞિક



મહાગુજરાત આંદોલનની ચળવળ સમયે પોતાની પાસેની ઝોળીમાં સીંગ-ચણા લઈને રાતદિવસ જોયાં વિના ગુજરાતને અલગ અસ્તિત્વની ઓળખ આપનારા ઈન્દુલાલ યાજ્ઞિકે કહ્યું હતું કે ‘હું તો પગથી પર જીવતો આદમી છું. સાચી ઉન્નતિ અને શાંતિ માટે જીવીશ અને મરીશ તો પણ કાર્ય કરતાં કરતાં જ.’

ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં ૨૨મી ફેબ્રુઆરી ૧૮૮૨ના રોજ થયો હતો. તેમને મહાગુજરાતના પ્રણેતા તરીકે ઓળખાય છે. તેમનું અવસાન ૧૭મી જુલાઈ, ૧૯૭૨ના રોજ થયું. તેમણે બી.એ અને એલ.એલ.બીનો અભ્યાસ કર્યો હતો. તેમના જીવનકાળમાં ઈન્દુલાલ યાજ્ઞિકે અનેક ક્ષેત્રમાં કામ કર્યું હતું જેમાં વકીલાત, પત્રકારત્વ, સમાજસેવા, રાજકારણનો સમાવેશ થાય છે. ૧૯૧૨માં એલએલબીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તેમણે બે વર્ષ વકીલાત કરી હતી. ત્યારબાદ ૧૯૧૫માં પત્રકારત્વમાં ઝંપલાવ્યું હતું. જેમાં બે સામાયિકો ‘યંગ ઈન્ડિયા’ અને ‘નવજીવન’ની શરૂઆત કરી હતી. જે બાદમાં ગાંધીજીને સોંપ્યાં હતાં. ૧૯૨૫થી ૧૯૩૦ના ગાળા દરમ્યાન વિદેશયાત્રા કરી હતી. ૧૯૫૬માં મહાગુજરાતના આંદોલનમાં અગ્રીમ હરોળના નેતા બની ગયા હતા. આ ઉપરાંત અમદાવાદના મિલમજૂરોના નેતા અને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સત્તાધારી પક્ષના નેતા પણ બન્યા હતા. અમદાવાદ પાસે નૈનપુરમાં ગરીબોની સેવા માટે આશ્રમ સ્થાપ્યો હતો. અને જીવનના છેવટના ભાગમાં ત્યાં જ રહેતા હતાં. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે નવલકથા માયા અને આત્મકથા છ ભાગમાં લખી હતી. આ ઉપરાંત અમુક નાટકોનો પણ સમાવેશ થાય છે.

મહાગુજરાતની આ ચળવળ ધીમે ધીમે હિંસક બની. તોફાનો તથા ગોળીબારોથી લોકમત વધુ ઉશ્કેરાતો હતો. આ આંદોલનને ઇન્દુલાલ યાજ્ઞિક ઉપરાંત જયંતિ દલાલ, બ્રહ્મકુમાર ભટ્ટ વગેરે નેતાઓનું માર્ગદર્શન મળ્યું જે લોકઆંદોલન બની સમગ્ર ગુજરાતમાં પ્રસર્યું.

લોકો રાષ્ટ્રીય નેતાઓની સભા વખતે જાતે બંધ પાળીને તેનો બહિષ્કાર કરતા. ઇન્દુલાલ યાજ્ઞિકને સાંભળવા લોકો ઊમટી પડતા હતા અને ચળવળ ઉગ્ર બનતી હતી, જેની પ્રતીતિ અનેક પ્રસંગોથી થતી હતી. ઈ.સ. ૧૯૫૮માં જનતા પરિષદે આંદોલનમાં મૃત્યુ પામેલા યુવકોની યાદ માટે અમદાવાદમાં લાલ દરવાજા કોંગ્રેસ ભવન પાસે શહીદ સ્મારક રચવાનો નિર્ણય કર્યો. ફરી સ્થળ અંગે વિવાદ સર્જાતા તોફાનો થયા. જાહેર અને ખાનગી મિલકતોને નુકસાન થયું. દ્વિભાષી રાજ્યના સમર્થકો માટે જાહેરમાં આવવાનું તથા પ્રવચન કરવાનું મુશ્કેલ બન્યું. ઇન્દુલાલ યાજ્ઞિક શહીદ સ્મારક સત્યાગ્રહ વગેરેનું સંચાલન કરી જનતાના ચાચા બન્યા. અમદાવાદમાં લાલ દરવાજા વિસ્તારમાં નહેરુ બ્રિજના છેડે ઇન્દુચાચાની ભવ્ય પ્રતિમા આજે પણ છે.



ઈ.સ. ૧૯૫૮માં ઈન્દુચાચાની સભામાં ઉમટેલું માનવ મહેરામણ

## 'જનતા કરફ્યુ' અને 'પેરલલ મીટિંગ' : મહાગુજરાત આંદોલનની દેન



અમદાવાદમાં આવેલી ઈન્દુચાચાની પ્રતિમા

ભારતની આઝાદી માટેની અહિંસક જંગ પછી મહાગુજરાત ચળવળને અહિંસાના રસ્તે હક મેળવવાનું મોટું આંદોલન ગણવામાં આવે છે. જેમ ગાંધીજીએ ઉપવાસનું અહિંસક શસ્ત્ર આપ્યું તેમ મહાગુજરાત આંદોલને 'જનતા કરફ્યુ' અને 'પેરલલ મિટીંગ' જેવા બે અહિંસક શસ્ત્રો આપ્યા છે. મહાગુજરાત આંદોલન દરમિયાન પોલીસ ફાયરીંગમા યુવકોના મોતથી જ્યારે અમદાવાદમાં ભારે તણાવની સ્થિતી હતી ત્યારે જ મોરારજી દેસાઇએ અમદાવાદ ખાતે લાલ દરવાજા વિસ્તારમાં ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી. અને એવી ભીતી સેવાઇ રહી હતી કે જો મોરારજી દેસાઇના ઉપવાસ વખતે મોટી સંખ્યામા લોકો વિરોધ પ્રદર્શનમા જોડાશે તો મોટાપાયે હિંસા થશે. એટલે ઇન્દુચાચાએ સૌ પ્રથમ વખત જનતા કરફ્યુનુ એલાન કર્યુ. આશ્ચર્ય વચ્ચે તે દિવસે અમદાવાદમાં લોકો ઘરમાં જ પુરાઇ રહ્યા અને બીજા દિવસે મહત્વના અખબારોએ અહેવાલો પ્રસિદ્ધ કર્યા કે મોરારજી દેસાઇના ઉપવાસ સ્થળે લોકો કરતા લાઉડ સ્પિકર વધુ દેખાતા હતા! સભામાં કોઇ ફરક્યું નહીં, એટલે તેઓ ગુસ્સામાં હતા. તેમણે ઉપવાસ શરૂ કર્યા.

અમદાવાદમાં લૉ ગાર્ડન વિસ્તારમાં આવેલું 'ભાઇકાકા ભવન' જેમના નામે છે તે ભાઇલાલભાઇ પટેલ (ભાઇકાકા) વલ્લભ વિદ્યાનગરના સ્થાપક તરીકે જાણીતા છે, પણ મહાગુજરાત આંદોલનમાં તેમની ભૂમિકા વિશે ભાગ્યે જ ઉલ્લેખ થાય છે. મહાગુજરાતના નાયક ઇન્દુલાલ યાજ્ઞિકે આત્મકથામાં લખ્યું છે કે 'મહાગુજરાતના નવા આંદોલનની પહેલી ઘડીથી તે છેવટે સન ૧૯૬૦માં ગુજરાતના જુદા રાજ્યની સ્થાપના થઇ ત્યાં સુધી તે (ભાઇકાકા) મારા સર્વોત્કૃષ્ટ સલાહકાર રહ્યા.' મહાગુજરાત અને મહારાષ્ટ્રના નેતાઓ વચ્ચે સુમેળ સાધવામાં અને વહીવટી કુનેહથી મતભેદો ઉકેલવામાં ભાઇકાકાએ મહત્ત્વની ભૂમિકા ભજવી.

મહાગુજરાત આંદોલન વખતે કોંગ્રેસના પ્રધાન તરીકે અમદાવાદમાં રહેતા બાબુભાઇ જશભાઇ પટેલને લોકોના રોષનો ભોગ બનવું પડ્યું હતું. તેમના બંગલામાં ઘૂસી જઇને લોકોએ તોડફોડ કરી હતી. બીજા નેતાઓની સાથે જ્યંતિ દલાલ અને હરિહર ખંભોળજાની મહાગુજરાત આંદોલન વખતે ધરપકડ થઇ હતી. તેમને યરવડા જેલમાં રખાયા હતા.

અસલી લડાઇ કેન્દ્ર સરકાર વિરૂદ્ધ ગુજરાત અને કેન્દ્ર સરકાર વિરૂદ્ધ મહારાષ્ટ્રની હતી. પણ કોંગ્રેસી કેન્દ્ર સરકારે ગુજરાત, મુંબઇ અને મહારાષ્ટ્ર એવા ત્રણ ભાગ પાડતાં મરાઠીભાષીઓને એવું લાગ્યું કે ગુજરાતીઓને કારણે મુંબઇને મહારાષ્ટ્રથી અલગ પાડવામાં આવ્યું છે. એટલે મરાઠીઓએ મુંબઇના ગુજરાતીઓ પર હુમલા કર્યા.

દ્વિભાષી રાજ્યની રચના થતાં મહારાષ્ટ્રમાં પણ ઉગ્ર અસંતોષ ઉભો થયો હતો. ત્યાંના લોકોમાં પણ અલગતાની લાગણી જન્મી. મુંબઈ સહિત અલગ મહારાષ્ટ્રની રચના માટેની ઝુંબેશ વધુ જોરદાર બની. આમ, વિભાજન માટે બંને રાજ્યોમાં પ્રયત્નો ચાલુ હતા. તેથી ૩જી ડિસેમ્બર ૧૯૫૯ના રોજ મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિએ મુંબઈ રાજ્યના વિભાજનને સંમતિ આપી. સંસદે તે અંગેનો ખરડો પસાર કર્યો. વિભાજનની વિગતો તૈયાર કરી સમિતિ રચવામાં આવી. ડાંગ અને ઉમરગામ ગુજરાતમાં મુકાયા. આમ, અલગ ગુજરાતનું સ્વપ્ન સાકાર કરવા માટે ઈન્દુચાચાનાં હુલામણા નામે ઓળખાતાં સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકે તત્કાલિન મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ રાજ્ય તરીકે સ્થાપવા માટે સપ્ટેમ્બર ૧૯૫૬માં મહાગુજરાત જનતા પરિષદની રચના કરીને શરૂ કરેલ મહાગુજરાત ચળવળને ચાર-ચાર વર્ષનાં વહાણાં વાયાં બાદ સફળતા મળી. ત્યારબાદ સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનાં અલગ ગુજરાત રાજ્યનું સ્વપ્ન સાકાર થયું અને હાલનાં સ્વર્ણિમ અને સમૃદ્ધ ગુજરાતનું નિર્માણ થયું જેમાં મહાગુજરાતની ચળવળમાં આંદોલનનો શંખનાદ કરી ગુજરાતની પ્રજાને જાગૃત કરવામાં ઇન્દુલાલ યાજ્ઞિકનું પ્રદાન અત્યંત નોંધપાત્ર છે.

## ગુજરાત રાજ્યની અલગ રચના તથા સ્થાપનાદિન




ગુજરાત રાજ્યના ઉદ્ઘાટન વખતે પ્રવચન આપી રહેલા રવિશંકર મહારાજ

ઈ. સ. ૧૯૬૦માં મુંબઈના દ્વિભાષી રાજ્યનું વિભાજન કરીને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની અલગ રચના કરવામાં આવી. સામાન્ય રીતે નવા રાજ્યનું ઉદઘાટન રાષ્ટ્રપતિ કે વડાપ્રધાન કે એવા કોઈ પદવીધારીના હાથે થતું હોય છે. પરંતુ ગુજરાતે નવી પ્રથા પાડી. તેણે પોતાના નવા રાજ્યનું ઉદઘાટન મૂકસેવક પૂ. રવિશંકર મહારાજના હાથે કરાવ્યું. ૧મે, ૧૯૬૦ના રોજ મહારાજે સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે નવા ગુજરાત રાજ્યનો મંગળ પ્રારંભ કરાવી આશીર્વચન પાઠવ્યાં. ગુજરાતના પ્રથમ રાજ્યપાલ તરીકે મહેંદી નવાજ જંગ તથા મુખ્યમંત્રી તરીકે ડૉ. જીવરાજ મહેતાએ કાર્યભાર સંભાળ્યો.

ગુજરાત એક અલગ, સ્વતંત્ર, એકભાષી રાજ્ય બનતા. સતત વિકાસ અને પ્રગતિ પામ્યું છે. ગુજરાતની પ્રજાએ ખભેખભા મિલાવીને એકબીજાના સહયોગથી સતત વિકાસની દિશામાં કૂચ કરી મોખરાનું સ્થાન મેળવ્યું છે.

(Sources & Photo Courtesy : https://planetgujarat.wordpress.com, http://gujarat-help.blogspot.com, www.bombaysamachar.com, www.gujaratsamachar.com, Sandesh Dt:1-5-2015, https://cdn.dnaindia.com, https://en.wikipedia.org, https://upload.wikimedia.org, https://static.langimg.com, https://pbs.twimg.com, www.rrsheth.com)

# કવિ દાદુદાન ગઢવી



'કાળજા કેરો કટકો' અને 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' જેવી અનેક અમર રચનાઓના સર્જક એવા ચારણ સાહિત્યના કવિ દાદનું ૨૬ એપ્રિલ ૨૦૨૧ ને સોમવારે ૮૨ વર્ષની વયે નિધન થયું. વેરાવળ નજીક ઇશ્વરીયા ગામમાં જન્મેલા દાદુદાન પ્રતાપદાન ગઢવીને આ વર્ષે જ ભારત સરકારે પદ્મશ્રી સન્માન જાહેર કર્યું હતું. ગુજરાત અને ખાસ કરીને સોરઠના પ્રાચીન ચારણી સાહિત્યને આગવી ઢબે રજુ કરનાર દેવીપુત્ર કવિશ્રી દાદ બાપુના નિધનથી કલાકારો, કસબીઓ અને તેમના ચાહકોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ગુજરાતના ચારણી લોક સાહિત્યને ધબકતું રાખનાર દાદ બાપુના લખેલા ગૌરવવંતા ગીતો, કવિતાઓ અને ભજનો ખૂબ પ્રસિદ્ધિ પામ્યા છે.

કવિ દાદને અગાઉ ગુજરાત ગૌરવ તથા ઝવેરચંદ મેઘાણી એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. કવિ દાદે ૧૫થી વધારે ગુજરાતી ફિલ્મો માટે ચિરસ્મરણીય ગીતો લખ્યા હતા. કન્યા વિદાયનું ગીત 'કાળજા કેરો કટકો, ગાંઠથી છૂટી ગયો' તેમની અમર રચના ગણાય છે. હિરણ હલકારી જોબનવાળી નદી રૂપાળી નખરાળી, જાત કમાણી કરીને ખાય એ સિંહની જાત, મોગલ આવે નવરાત રમવા કેવા કેવા વેશે જેવા ગીતો કવિ દાદબાપુએ લખ્યા હતા. માત્ર ચાર ધોરણ સુધી ભણેલા કવિ દાદના સર્જન પર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ પીએચડી સંશોધનો કરેલા છે.

જૂનાગઢના રહેવાસી દાદુદાન પ્રતાપદાન ગઢવી કે જે બાદમાં કવિ દાદ તરીકે પ્રખ્યાત બન્યા તેમને સાહિત્યનો વારસો તેમના પિતા પ્રતાપદાન ગઢવી તરફથી મળ્યો. પ્રતાપદાન ગઢવી એ જૂનાગઢના નવાબી હુકુમતમાં રાજકવિ હતા એટલે નવાબે તેમને વેરાવળનું ઈશ્વરીયા અને સાપર એમ બે ગામ ભેટમાં આપેલા હતા. કવિ દાદ ખેતી કરતા કરતા વારસામાં મળેલા સંસ્કારોને ઉજાગર કરતા રહ્યા.

કવિ શ્રી દાદે સોરઠી ચારણી સાહિત્યને જીવતું રાખવાનો ખુબજ પ્રયાસ કર્યો છે, અને તેનું પરિણામ આજે યોજાતા પ્રત્યેક ડાયરાઓમાં દેખાઇ આવે છે, કેમ કે કોઈ ડાયરો કે કોઈ કલાકાર એવો નહિ હોય જે કવિ શ્રી દાદની રચનાઓ ગાતા નહિ હોય. આમ તો કવિ દાદે ચૌદ-પંદર વર્ષની ઉંમરે કવિતા રચવાનું શરૂ કર્યું હતું. તેમણે મામાના અવસાન બાદ તેમની યાદમાં એક છંદ લખ્યો હતો અને પછી માતાજીની સ્તુતિ લખવાનું શરૂ કર્યું હતું અને ત્યાર પછી કવિ શ્રી દાદે સાહિત્ય ક્ષેત્રે ક્યારેય પાછું વાળીને જોયું નથી.




કવિ દાદનું મૂળ વતન વેરાવળ તાલુકાનું ઇશ્વરીયા ગામ છે, જ્યારે વર્ષ ૧૯૮૪થી ૧૯૮૯ દરમિયાન સ્વ. નારસીભાઇ પઢિયાર તેમને જૂનાગઢ લાવ્યા હતા. ૮૨ વર્ષીય દાદુદાન ગઢવી જૂનાગઢ કૃષિ યુનિર્સિટી સામેના અક્ષર મંદિર નજીક રહેતા હતા. જ્યારે યોગીભાઇ પઢિયારે જણાવ્યું હતું કે, થોડા સમયથી તેઓ રાજકોટના પડધરી તાલુકાના ધુનાના ગામે રહેતા હતા.

૧૯૭૧માં જ્યારે આજનું બાંગ્લાદેશ અને તે વખતનું પૂર્વ પાકિસ્તાન, પાકિસ્તાનથી જુદું પડ્યું ત્યારે બાંગ્લાદેશને ભારતે દરેક પ્રકારે સહાય કરી હતી. પાકિસ્તાન સાથે યુદ્ધ થયું હતું તે વખતે કવિશ્રી દાદે દેશ માટે ખુબજ મહત્વનું કાર્ય કર્યું હતું. તે સમયે કવિ શ્રી દાદે 'બંગાળ બાવની' નામના પુસ્તકમાં બાવન કવિતાઓની રચનાઓ લખી હતી અને સરકારે લાખો નકલો છપાવીને દેશભરમાં વિતરણ કરી હતી. આ કામ બદલ તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી અને તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી વી.વી.ગીરીએ કવિ શ્રી દાદનું સન્માન પણ કર્યું હતું.

કવિ દાદે ૧૫ જેટલી ગુજરાતી ફિલ્મોમાં ગીતો લખ્યા છે જેમાં, સંપૂર્ણ રામાયણ, રા'નવઘણ, લાખા લોયણ, ભગત ગોરો કુંભાર જેવી હિટ ગુજરાતી ફિલ્મોનો સમાવેશ થાય છે. ૧૯૭૫માં બનેલી 'શેતલને કાંઠે' ફિલ્મ માટે દીકરીની વિદાયનું ગીત 'કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો' અને ફિલ્મ શેઠ શગાળશાનું 'ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું' ગીત આજે પણ ખુબજ લોકપ્રિય છે. પ્રખ્યાત ભજનિક નારાયણ સ્વામીએ ગાયેલું 'કૈલાસ કે નિવાસી નમું બાર બાર હું' પણ કવિ દાદે જ રચેલું સુપ્રસિદ્ધ ભજન છે.

કવિ દાદ કવિની સાથે ઉમદા લેખક, ગાયક અને વક્તા પણ હતા. 'ટેરવાં' નામનો તેમનો ગ્રંથ ૮ ભાગમાં પ્રકાશિત થયો છે, જે તેમની ગુજરાત સાહિત્ય જગતમાં લોકપ્રિયતા બતાવે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્યમાં તેમના ઉપર પી.એચ.ડી. પણ થઈ ચૂકી છે.

કવિ દાદની ૨૬મી જાન્યુઆરી ૨૦૨૧ના પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરાઇ હતી. જોકે, હજુ તેમને એવોર્ડ એનાયત થયો નથી. સંભવત: કોરોનાના કારણે એવોર્ડ વિતરણ ફંકશન થઇ શક્યું નહી હોય. કવિ દાદને પદ્મશ્રી પહેલાં ગુજરાત ગૌરવ એવોર્ડ, મેઘાણી સાહિત્ય એવોર્ડ, કવિ દુલા કાગ એવોર્ડ, હેમુ ગઢવી એવોર્ડ સહિતના અનેક એવોર્ડ અને સન્માન પ્રાપ્ત થયા છે.

(Sources & Courtesy : www.divyabhaskar.co.in, https://tv9gujarati.com, https://zeenews.india.com, https://i.ytimg.com, https://images-na.ssl-images-amazon.com)